# કામના સ્થળે આરોગ્ય અને સલામતી - સફાઇ

ચેપ ગ્રસ્ત વ્યક્તિને ખાંસી કે છીંક આવે ત્યારે, શ્વાસમાંથી નીકળતા અતિસુક્ષ્મ ટીપાં મારફતે COVID-19 ફેલાય છે. વ્યક્તિ, વાયરસ હોય તેવી સપાટી કે પદાર્થને અડક્યા પછી પોતાના મોં, નાક અથવા આંખોને અડે તો, તેને વાયરસનો ચેપ લાગી શકે છે.

કામના સ્થળોએ ઓછામાં ઓછી દૈનિક ધોરણે સફાઈ થવી જોઇએ. પાણી અને સાબુથી સાફ કરવું પૂરતું છે.

તમારે:

- સપાટીઓનો સ્પર્શ બને તેટલો ઘટાડવો જોઇએ; સૂચનાઓ મુકો અને તમારા કામદારોને, ગ્રાહકોને યાદ કરાવવામાં મદદ કરો
- કામદારોને સ્પર્શમાં આવતા ભાગોની સંખ્યા ઘટાડો
- જો શક્ય હોય તો, પ્રવેશના અને બહાર જવાના રસ્તાઓ પાસે હાથ ધોવાની અથવા જંતુનાશકથી સાફ કરવાની સુવિધા આપો.

## કેવી રીતે સાફ અને જંતુમુક્ત કરવું

સપાટીઓને જંતુમુક્ત કરતાં પહેલાં, તે સાફ કરવી મહત્વનું છે. ધૂળ અને ગંદકી, જંતુનાશકની જંતુ મારવાની ક્ષમતા ઘટાડી નાખે છે.

તમારે તમારા કામદારોને સફાઇ અને જંતુનાશન માટેના યોગ્ય ઉત્પાદનો અને સ્વસુરક્ષાના સાધનો પૂરા પાડવા જોઇએ, અને તેમને તે કેવી રીતે વાપરવું તેની તાલીમ અપાઇ છે, તે સુનિશ્ચિત કરવું જોઇએ.

### સફાઈ કરવા અને જંતુમુક્ત કરવા વચ્ચે શું ફરક છે?

**સફાઈ** કરવી એટલે સાબુ અને પાણીના દ્રાવણનો ઉપયોગ કરી ઘસીને, સપાટીઓ પરથી જંતુઓ (બેક્ટેરિયા અને વાયરસ), ધૂળ અને ગંદકી દૂર કરવી.

**જંતુમુક્ત** કરવું એટલે સપાટીઓ પરના જંતુઓ મારવા માટે રસાયણો વાપરવા. સામાન્ય રીતે જો સપાટી વાયરસથી દૂષિત થઇ હોય, તો જ જંતુનાશકોની જરૂર પડે છે.

## કયા વિસ્તારોને સાફ અને જંતુમુક્ત કરવા જોઇએ, અને કેટલી વાર?

દરવાજાના હાથા, મેજ, ફોન, એફટ્પોસ્ મશીનો જેવી વારંવાર સ્પર્શ કરવામાં આવતો હોય તેવી કોઇ પણ સપાટીઓ અને શૌચાલય જેવી સુવિધાઓની નિયમિતપણે સફાઈ થવી જોઇએ.

જે સપાટીઓ દેખીતી રીતે ગંદી હોય અથવા કશું ઢોળાયું હોય તો, તે જેમ બને તેમ જલ્દી સાફ થઈ જવી જોઇએ.

જો કામના સ્થળે COVID-19ના કેસની પુષ્ટિ થઇ હોય અથવા શંકા હોય તો, જંતુનાશન કરવું જરૂરી છે. જો તમારા કામના સ્થળે દરરોજ ઘણા લોકો આવતા હોય તો, પણ તમે જંતુનાશક નિયમિત રીતે કરો તેવી ભલામણ કરવામાં આવે છે.

## જો મારા કામના સ્થળે COVID-19નો કેસ થયો હોય તો?

જો તમારા કામના સ્થળે COVID-19નો કેસ થયો હશે તો, તમારા રાજ્ય અથવા પ્રદેશના આરોગ્ય અધિકારી તમને શું કરવું તે કહેશે. તેમની સૂચનાનું પાલન કરો.

લોકો જે તે કામના સ્થળે પાછા ફરે તે પહેલાં, તમારા કામના સ્થળની બારીકાઇથી સફાઈ અને જંતુમુક્ત કરવું પડશે.

## કામદારોની અંગત વસ્તુઓનું શું?

તમારે તમારા કામદારોને, કામના સ્થળે ઉપયોગમાં લેવાતી અંગત વસ્તુઓ જેવી કે, ચશ્મા અને ફોનને નિયમિત રીતે જંતુનાશક રસાયણવાળા કાગળો (વાઇપ્સ)થી સાફ કરવાનું કહેવું જોઇએ.

## જો બધું વેચાઈ ગયું હોય તો, શું હું મારી જાતે જંતુનાશક રસાયણ બનાવી શકું?

દુકાનમાંથી ખરીદેલા જંતુનાશક રસાયણો સરકારી ધોરણોને અનુરૂપ હોય છે, તેથી તમે જાણો છો કે તે કામ કરશે જ. જો કે, તમે બ્લીચ અને પાણીનો ઉપયોગ કરીને જંતુનાશક બનાવી શકો છો. તમે રસાયણો સાથે કાળજીપૂર્વક કામ લો તે સુનિશ્ચિત કરો, કેમ કે તે જોખમી હોય શકે છે.

## સફાઈ કરવા માટે મારા કામદારોએ શું પહેરવું જોઇએ?

મોટા ભાગના સંજોગોમાં, તમારું કામનું સ્થળ સાફ કરવા તમારા કામદારોએ સુરક્ષાના સાધનો પહેરવાની જરૂર નથી. શરૂઆત તરીકે:

- ઓછામાં ઓછા હાથના મોજા જરૂરી છે
- જો COVID-19ના પુષ્ટિ થયેલ અથવા શંકાવાળા વિસ્તારની સફાઈ કરવામાં આવી રહી હોય તો, સર્જિકલ માસ્કનો ઉપયોગ કરવો જોઇએ
- ગાઉન (કપડાં ઉપર પહેરવાનું પહેરણ) અને વાપરીને ફેંકી દેવાના હોય, તેવા સૂટની જરૂર નથી
- તમારે કોઇ પણ સ્વસુરક્ષાના સાધનો પૂરાં પાડવા પડશે અને તમારા કામદારોને તેનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો, તે અંગે તાલીમ આપવી પડશે.

## શું એન્ટિબેક્ટેરિયલ (બેક્ટેરિયાને મારતું) ઉત્પાદન COVID-19ને મારી શકે છે?

એન્ટિબેક્ટેરિયલ ઉત્પાદનો બેક્ટેરિયા મારવા માટે બનાવવામાં આવ્યા છે. જો કે, COVID-19 બેક્ટેરિયાને લીધે નહિં પણ વાયરસને કારણે થાય છે, તેથી એન્ટિબેક્ટેરિયલ ઉત્પાદનોની જરૂર નથી.

હાથ ધોવા માટે, સાદો સાબુ અને હુંફાળું પાણી અસરકારક છે.

Coronavirus COVID-19

safe work australia

## વધુ માહિતી

COVID-19 અને કામના સ્થળે આરોગ્ય અને સલામતી વિષે વધુ માહિતી માટે Safe Work Australia website પર જશો.